ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શહેરમાં બર્ફીલા પવનના પગલે ઠંડીનુ જોર બેવડાયુ

**ગઇકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાનમાં ચાર ડીગ્રીનો તફાવત સવારથી જ સુસવાટા મારતા પવનના લીધે નગરજનો ગરમ કપડામાં લપેટાયા**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં મોસમનો મિજાજ રોજબરોજ બદલાય છે. આકરી ઠંડીના કહેર વચ્ચે નગર પ્રભાવિત છે. ગઈકાલે સિઝનની મહત્તમ ઠંડી નોંધાયા બાદ આજે ઠંડીનુ પ્રમાણ એકાએક ઘટયુ હતુ લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. પરંતુ સુસવાટા મારતા આકરા ઠંડા પવનના લીધે નગરજનો દિવસે પણ અસહ્ય ઠંડી વેઠવાનો વારો આવ્યો હતો. દિવસ દરમિયાન પણ પવનના લીધે આક્રમક ઠંડીથી બચવા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા રહ્યા હતા. ગાંધીનગરમાં ઠંડીનો મિજાજ રોજબરોજ અનોખો જોવા મળી રહ્યો છે.

આજે ઠંડીનો પારો નીચે ઉતરી ગયો હતો. અલબત્ત લઘુત્તમ તાપમાન ૭.૫ ડીગ્રીમાંથી આજે સીધો ૧૧.૮ ડીગ્રીએ પહોંચી ગયો હતો. મહત્તમ તાપમાન ૨૪ ડીગ્રી નોંધાયુ હતુ. ઠંડીનો પારો ગઈકાલે ૭.૫ ડીગ્રી પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક તાપમાન નોંધાયુ હતુ. પરંતુ આજે અચાનક જ ઠંડીમાં ગિરાવટ આવી હતી. જેના લીધે નગરજનોએ ઠંડીમાં પ્રમાણમાં રાહત અનુભવી હતી. પરંતુ વાતાવરણમાં પવનનુ જોર વધુ રહેતા કોલ્ડવેવ યથાવત રહ્યા હતા. સુસવાટા મારતા ઠંડા પવનના લીધે વાતાવરમ ચિલ્ડ રહ્યુ હતુ.સવારથી જ પુરજોશમાં પવન ફુંકાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર



નગરના ગ માર્ગ પર નમી પડેલા અને જોખમી વૃક્ષોની સંખ્યા આમ પણ વધુ છે. જયારે નમી પડેલા અને સુકા વૃક્ષો ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. જયારે શુક્રવારે ગ માર્ગ પર ઠંડા પવનના સુસવાટા વચ્ચે એક જોખમી વૃક્ષ જમીનદોસ્ત થતા માર્ગ પર અવરોધ ઊભો થયો હતો જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી.

# જિલ્લામાં ખનીજ ચોરીના ૧૨૦૧ કેસ : ૧૧૮૯ કેસમાં દંડ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીના પાંચ વર્ષમાં ૧૨૦૧ કેસો નોંધાયા છે અને જે પૈકી ૧૧૮૯ કેસમાં દંડ વસુલ લેવામાં આવેલ છે.

રાજય વિધાનસભામાં અતારાંકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવાયુ છે. પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યા પ્રમાણે જિલ્લાને રોયલ્ટીની આવક રૂ. ૬૦ કરોડ ૮૫ લાખ થઈ છે. જ્યારે દંડ પેટે થયેલી આવક રૂ. નવ કરોડ ૨૩ લાખ જેટલી છે.

જિલ્લામાં પાંચ વર્ષમાં ૨૩ કરોડ ૯૧ લાખથી વધુ મત્તાની ખનીજ ચોરી ૧૩૬૪ જેટલા દરોડાઓ દરમ્યાન પકડાઈ હોવાનું પણ પ્રશ્નના ઉત્તરમાં જણાવાયુ છે. આ દરોડા દરમ્યાન ૧૫ જેટલા કિસ્સાઓમાં પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

જિલ્લામાં ખનીજ ચોરીની વધતી જતી ફરિયાદો આજે પણ એટલી જ રહેવા પામી છે.

# સ્વચ્છતા સર્વેક્ષણની ટીમને અનેક મિશ્ર રજુઆતો મળી

**મનપાની કામગીરી સંદર્ભે સેક્ટરોમાં અલગ-અલગ અભિપ્રાયો સાંપડ્યા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકામાં આજે સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ દ્વારા બીજા દિવસે પણ કામગીરી ચાલુ રહી હતી. સ્વચ્છતાને લઈ મિશ્ર રજુઆતો સર્વે કરનારી ટીમને મળ્યા હતા.

સ્વચ્છતા સર્વેક્ષણ માટે ગઈકાલે આવી પહોંચેલી ટીમે આજે વિવિધ સેક્ટરોમાં ફરી અને લોકોના ફીડબેક ઉપરાંત સ્વચ્છતાની કામગીરી અંગેના સર્વેનું કામ કર્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ નવા સેક્ટરોમાં લીકેજ ગટરલાઈનને લઈ લોકોએ ઉગ્ર રજુઆત કરી હતી. આ ઉપરાંત ડસ્ટબીન જે જાહેરમાં મુકાયેલા હતા તે ઉઠાવી લેતાં પણ લોકોએ રજુઆત કરી હતી.

ખાસ કરીને કોમન પ્લોટ તેમજ જાહેર માર્ગો પર રખડતા

● અનુસંધાન પાન-૭ પર

# ગ-માર્ગ પર આરટીઓ પાસે લારી-ગલ્લાઓનો અડીંગો

**એકબાજુ વાહનોનો ખડકલો પણ માર્ગ વચાળે થાય છે ત્યારે દબાણોની સંખ્યા વધતા સ્થાનિકો પણ તોબા : દબાણો દુર કરવા માટે કોઇ કાર્યવાહી કરાતી નથી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના ગ માર્ગ પર દબાણોની સમસ્યા વધતી જાય છે ગ માર્ગ છેલ્લા કેટલાક સમયથી દબાણોની ગિરફતમાં આવી ગયો છે. આર ટી ઓ કચેરી સામે ગ માર્ગ પર આડેધડ ખડકાતા વાહનોની સાથે દબાણો ભરમાર જોવા મળે છે. નગરનો મુખ્યમાર્ગ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યો છે. ગ માર્ગ પર આર ટી ઓ કચેરી પાસે દબાણોનુ સામ્રાજય છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ ત્રાહીમામ થઈ ગયા છે. જયારે ગ માર્ગ પર ગ-૨ પાસે પણ દબાણ વધતા જાય છે. આ સ્થિતિ વચ્ચે પણ નાટકીય ઝુંબેશ સિવાય દબાણો દુર કરવા માટે કોઈ કાયમી આયોજન થતુ નથી.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં પ્રવેશતા જ દુવિધાઓ ખડકાયેલી જોવા મળે છે. આડેધડ પાર્ક થયેલા વાહનો મુલાકાતીઓ માટે શિરદર્દ બને છે. સાંકડા સંકુલમાં વાહનો પાર્ક કરવા માટે પણ જગ્યા મળતી નથી જેના લીધે ગ માર્ગ પર વાહનો ખડકી દેવાય છે. જયારે ગ માર્ગ પર દિનપ્રતિદિન દબાણો વધતા જાય છે. ગ માર્ગ પર ખાણીપીણીની લારીઓ સહીત ગલ્લાઓની કતાર જોવા મળે છે. આ ઉપરાંત અન્ય દબાણો પણ રોજબરોજ વધતા જાય છે. આ સ્થિતિ વચ્ચે ગ માર્ગ પર માર્ગ સલામતી જોખમાઈ છે. ગ માર્ગ પર જોખમાતી માર્ગ સલામતી સાથે દબાણોની સમસ્યા પણ જવાબદાર બની છે. ગ માર્ગ પર દબાણોનો ઢગ ખડકાયો છે. આડેધડ પાર્ક થતા વાહનોની સાથે દબાણો પણ વધતા માર્ગ પરની અવરજવર વધુ જોખમી બની છે.

આર ટી ઓ કચેરીને વાહન પાર્કીંગ માટે અન્ય જગ્યા ફાળવવામાં આવતી નથી જયારે વાહનોની સાથે દબાણો પણ ગમે ત્યાં ગોઠવાઈ જતા સ્થાનિકો માટે મુશ્કેલી વધી છે. દબાણતંત્ર દ્વારા સમગ્ર શહેરમાં લારી ગલ્લા દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સમયાંતરે દબાણો દુર કરવામાં આવે છે. પરંતુ આર ટી ઓ કચેરી પાસે વધતા દબાણોને દુર કરવા કોઈ ગતિવિધિ હાથ ધરાતી નથી ગ માર્ગ દબાણોની ગિરફતમાં છે. દબાણોની વધતી સંખ્યા સ્થાનિક રહીશો સહીત રાહદારીઓ માટે પણ આફતરૂપ બની છે.

# ગાંધીનગર તાલુકા પંચાયતનું પુરાંતવાળું અંદાજપત્ર અવલોકન માટે મોકલાયુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતનું રૂ. ૧ કરોડ ૨૦ લાખની પુરાંત દર્શાવતુ અંદાજપત્ર આજે જિલ્લા પંચાયતના અવલોકન માટે મોકલી આપવામાં આવ્યુ છે. જે અવલોકન થઈ આવ્યા બાદ હવે પછી મળનારી સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબા વાઘેલાના અધ્યક્ષપદે મળેલ આજની બેઠકમાં એજન્ડાના તમામ મુદ્દાઓ પસાર કરાયા બાદ વિકાસના કામો માટે સભ્યોને ફાળવવાની થતી રકમ, સરકારના નિયમ પ્રમાણે સામાજિક ન્યાય સમિતિનો ફાળવવાની થતી રકમ બાદ વધતી રકમમાંથી વિકાસના કામો હાથ ધરવાની સત્તા તાલુકા પ્રમુખને સોંપવાના મુદ્દે વિપક્ષ કોંગ્રેસ અને સત્તાધારી ભાજપ વચ્ચે શાબ્દીક ટપાટપી થઈ હતી.

શાબ્દીક ટપાટપી પછી સત્તાધારી ભાજપે સ્હેજ પણ મચક

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોની આવકમાં ગત વર્ષ કરતા ૭૨.૮૯ લાખનો વધારો

**એસ ટી એ એક વર્ષમાં ૧૮.૨૮ કરોડની આવક મેળવી આવક વધી પણ કીલોમીટરનુ સંચાલન ઓછુ થયુ**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર એસ ટી ડેપોએ એક વર્ષમાં ૧૮.૨૮ કરોડની આવક કરી છે. ગત વર્ષની સાપેક્ષમાં એસ ટી ની આવકમાં રૂ ૭૨ લાખનો વધારો થયો છે. એસ ટી ડેપોએ એક કરોડથી વધુ કીલોમીટર બસનુ સંચાલન કર્યુ હતુ. એસ ટી ડેપોમાં રોજ ૧૦૪ બસો દ્વારા ૩૨ હજાર કી મી બસોનુ સંચાલન કરવામાં આવે છે. અમદાવાદ ગાંધીનગરની શહેરી બસ સેવાના આધારે એસ ટી ડેપોએ રૂ રૂ ૧૮.૨૮ કરોડની આવક કરી છે જયારે આગામી દિવસોમાં નવી બસો ફાળવવામાં આવતા ડેપોની આવકનુ પ્રમાણ પણ વધે તેવી સંભાવના છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા રોજ ૧૦૪ બસો દોડાવામાં આવી રહી છે .જયારે શહેરી બસ સેવા અન્વયે રોજ ૩૨ હજાર કી મી બસો દોડે છે. જયારે ૧૨૬૩

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના વિરાતલાવડી ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના વિરાતલાવડી ગામે આજે યોજાયેલ સેવાસેતુના કાર્યક્રમમાં ગામના સરપંચ-તલાટી અને આગેવાનોનો સહકાર ના મળતાં નિયત સમય કરાતાં એક કલાક મોડો સેવાસેતુ શરૂ થયો હતો.

મળતી વિગતો પ્રમાણે ૨૨૩૪ બાળકોને રસીકરણ કરાયુ હતુ તો ૫૬૩ લોકોને સાત બારના ઉતારાની નકલ આપવામાં આવી હતી. ૧૧૬ જેટલા આવકના દાખલા આપવામાં આવ્યા હતા. ૭૬ જેટલા લર્નીંગ લાયસન્સ પણ આ કાર્યક્રમ દરમ્યાન ઈસ્યુ કરવામાં આવ્યા હતા.

૪૮ અરજીઓ રેશનકાર્ડમાં નામ દાખલ કરવા માટેની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યોહતો જ્યારે ૪૦ આધારકાર્ડ અને આંગણવાડીના ૫૧ બાળકોના આધારકાર્ડ પણ ઈસ્યુ કરવામાં આવ્યા હતા.

# પામતેલ પરની આયાત પર નિયંત્રણ મુકવાને આવકાર

ગાંધીનગર,તા.૧૦

સૌરાષ્ટ્ર ઓઇલમીલ એસોસિએશન અને દેશના ઓઇલ એસોસિએશનો દ્વારા કેન્દ્ર સરકારને અનેકવાર રજુઆતો કરવામા આવી હતી કે, પામલેતની આયાતો ઘટાડવામા આવે તો જ સ્થાનીક તેલની માંગમા વધારો થશે.

તાજેતરમા કેન્દ્રીય વાણીજ્યમંત્રી પીયુશ ગોયલ દ્વારા મહત્વપુર્ણ નીર્ણય લેવામા આવ્યો છે તેને સૌરાષ્ટ્ર ઓઇલમીલ એસોસિએશનના પ્રમુખે આવકારીને અભીનંદનનો પત્ર લખ્યો છે. અત્યાર સુધી આયાતકાર ગમે તેટલા પામતેલની આયાત કરી શક્તા હતા હવે સરકારે આ બાબતે મર્યાદાઓ નક્કી કરી છે.

દેશમા પહેલા ૧૬૫ લાખ ટન ગત વર્ષે આયાત કરવામા આવી હતી. ચાલુ વર્ષે ૧૨૦ લાખટન આયાત થશે. પામતેલીની મર્યાદીત આયાત થતા દેશમા સ્થાનીક તેલોની માંગમા વધારો થશે. ભારતમાં મલેશીયા અને ઇન્ડોનેશિયામાંથી પામોલિનની આયાત થઇ રહી છે.

સૌમાના પ્રમુખનુ કહેવુ છે કે, દેશમા ૪૫ થી ૫૦ ટકા જેટલુ પામોલીન તેલ ખવાય છે. પોમાલીન તેલ અન્ય તેલ કરતા સસ્તુ હોય છે તેના કારણે તેનો વપરાશ લોકો વધુ કરે છે. મોટા ભાગની હોટેલ અને ફરસાણમા પોમાલીન તેલ વપરાય છે. જો કે પામતેલ આરોગ્ય માટે પણ ખુબ જ હાનીકારક છે.

# સેક્ટર-૭ પોલીસ સ્ટેશન ખાતે વર્ષ દરમિયાન સૌથી વધુ અપરાધ નોંધાયા

**સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં કુડાસણ, સરગાસણ અને વાવોલના સામવેશથી અપરાધની સંખ્યા વધી : વર્ષ-૨૦૧૮ કરતા વર્ષ-૨૦૧૯માં શહેરમાં ગુનાખોરી ઘટી : પાટનગરમાં ગુનાખોરીનું પ્રમાણ પર કાબુ મેળવામાં કેટલાક અંશે પોલીસને સફળતા મળી છે**

ગાંધીનગર, તા.૧૦

એક તરફ ગાંધીનગર શહેર વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. તે સાથે સ્માર્ટ સીટી બનવા તરફ પણ આગળ ધપી રહેલા પાટનગરમાં ગુનાખોરીનું પ્રમાણ પર કાબુ મેળવામાં કેટલાક અંશે પોલીસને સફળતા મળી છે. શહેરમાં ખુન, લુંટ, ઘરફોડ, ચોરી તેમજ બળાત્કાર જેવા ગંભીર ગુનાઓની સંખ્યા પોલીસ ચોપડે વર્ષ ૨૦૧૮ ની સરખામણીએ વર્ષ-૨૦૧૯માં ઓછી નોંધાઈ છે. શહેરના મુખ્ય ત્રણ પોલીસ મથકો પૈકી સેક્ટર-૭ પોલીસ મથકમાં સૌથી વધુ અપરાધ પોલીસ ચોપડે નોંધાવા પામ્યા છે. જો કે સેક્ટર-૭ પોલીસ મથકનો વિસ્તાર પણ અન્ય બે મથક કરતા વિશાળ છે જેમાં વાવોલ અને સરગાસણ સહિતના મુખ્ય ગ્રામ્ય વિસ્તારો પણ સમાવેશ થાય છે. શહેરમાં વર્ષ ૨૦૧૯માં એક માત્ર ખુનની ઘટના ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવા પામી છે. જયારે લુંટની ૮ ઘટનાઓ પૈકી ૭ ઘટના તો માત્ર સેક્ટર-૭ ના પોલીસ મથકે નોંધાઈ છે. આ ઉપરાંત શહેરમાં ચોરીની કુલ નોંધાયેલી ૧૪૬ ફરીયાદો પૈકી ૯૨ ચોરી સેક્ટર-૭ પોલીસ મથક વિસ્તારમાં જ થવા પામી છે. તેમજ સેકટર-૨૧ માં ૩૩ ચોરી અને ઈન્ફોસીટી વિસ્તારમાં ચોરીની ૨૧ ફરીયાદો નોંધાવા પામી છે. શહેરમાં ઘરફોડ ચોરીના કિસ્સા દિવસ કરતા રાત્રીના વધુ નોંધાવા પામ્યા છે. જેમાં ૨૯ પૈકી ૧૭ કિસ્સા સેકટર-૭ માં, ૮ કિસ્સા સેકટર-૨૧ માં અને ૪ કિસ્સા ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારના છે. જયારે દિવસની ઘરફોડ ચોરીના નોંધાયેલા ચાર કિસ્સાઓ પૈકી ત્રણ કિસ્સા સેકટર-૭ ના અને એક કિસ્સો સેકટર-૨૧ પોલીસ મથકના વિસ્તારનો છે. ગત વર્ષ શહેરમાં બળાત્કારની ત્રણ ફરીયાદ નોંધાવા પામી હતી જે પૈકી બે ફરીયાદો સેકટર-૭ પોલીસ મથક વિસ્તારની અને એક ફરીયાદ ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારમાં નોંધાઈ હતી.

| | વર્ષ ૨૦૧૯ | | | | વર્ષ ૨૦૧૮ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુનાનો પ્રકાર | સે. ૨૧ | સે. ૭ | ઈન્ફો. | કુલ | સે. ૨૧ | સે. ૭ | ઈન્ફો. | કુલ |
| ખુન | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૬ |
| લુંટ (તમામ) | ૧ | ૭ | ૦ | ૮ | ૩ | ૪ | ૪ | ૧૧ |
| ઘરફોડ તમામ | ૯ | ૨૦ | ૪ | ૩૩ | ૨૨ | ૩૮ | ૯ | ૬૯ |
| ઘરફોડ દિવસની | ૧ | ૩ | ૦ | ૪ | ૪ | ૬ | ૦ | ૧૦ |
| ઘરફોડ રાતની | ૮ | ૧૭ | ૪ | ૨૯ | ૧૮ | ૩૨ | ૯ | ૫૯ |
| ચોરીઓ (તમામ) | ૩૩ | ૯૨ | ૨૧ | ૧૪૬ | ૪૧ | ૧૦૫ | ૨૧ | ૧૬૭ |
| બળાત્કાર | ૦ | ૨ | ૧ | ૩ | ૨ | ૪ | ૦ | ૬ |
| કુલ નોંધાયેલ | ૧૩૮ | ૨૩૮ | ૧૦૧ | ૪૭૭ | ૧૬૭ | ૩૦૯ | ૧૩૧ | ૬૦૭ |

**શહેરમાં વર્ષ ૨૦૧૯માં એક માત્ર ખુનની ઘટના ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવા પામી છે**

# સે-૮ ના સરકારી રહેણાંક વિસ્તારમાં સતત ત્રણ દિવસથી અંધારપટ્ટ

ગાંધીનગર તા ૧૦

સે-૮ ના સરકારી વસાહતમાં છેલ્લા ત્રણ દિવસથી અંધારુ છવાયેલુ છે. સેકટરના જી કક્ષાના આવાસોના વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સેકટરોની શેરીઓમાં અંધારુ છવાઈ જાય છે.શહેરના સેકટરોમાં વારંવાર સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જવાની ફરિયાદો વધી છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાની સાથે ફરિયાદોનુ પણ ઝડપથી નિરાકરણ આવતુ નથી જેના લીધે આકરી ઠંડીના સુનકાર વચ્ચે સેકટરોની શેરીઓમાં ભયજનક સ્થિતિ સર્જાય છે. ઠંડીના માહોલ વચ્ચે અંધારપટ્ટ છવાયેલો રહેતા તસ્કરો પણ ગમે ત્યારે હાથફેરો કરી લે તેવી દહેશત સ્થાનિકોને સતાવી રહી છે. સે-૮ ના જી કક્ષાના સરકારી રહેણાંક વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. સતત ત્રણ દિવસથી સરકારી વસાહતમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા મહીલાઓને બહાર નિકળવામાં પણ મુશ્કેલી અનુભવી રહી છે.


**મતદારયાદીની સુધારણા-૨૦૨૦**

*Electoral Literacy for Stronger Democracy*

**મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની અમૂલ્ય તક**

**તા.૧૨-૦૧-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશ**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા.૦૧-૦૧-૨૦૨૦ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે **નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)**માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો **કલર ફોટોગ્રાફ** નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે **નમૂના-૭** માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા **નમૂના-૮** માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે **નમૂના-૮(ક)** માં અરજી કરવી.

- ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પુરાવા સાથે ત્યાંજ આપી શકશો.
- ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા.૧૨-૦૧-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળે આ દિવસે પરત આપી શકશો**

**મતદારયાદીમાં નામ કેવી રીતે ચકાસી શકાય?**

- ચૂંટણી પંચની વેબસાઈટ **www.nvsp.in** તથા **www.ceo.gujarat.gov.in** પર ઓનલાઈન
- ટોલ ફ્રી નંબર **૧૯૫૦** પર કચેરી દરમ્યાન ફોન કરીને
- ચૂંટણી પંચની એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન **"VOTER HELPLINE"** દ્વારા
- મોબાઈલ થી ૧૯૫૦ નંબર ઉપર **ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો, અને તે જ પ્રમાણે **ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે

**આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે**

**મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત**

માહિતી/૨૦૩૦/૧૯-૨૦





**બેસણું**

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી

સબળસિંહ ભારતસિંહ રાઠોડ (ઉંમર વર્ષ ૯૮)

તા.૦૨-૦૧-૨૦૨૦ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પરમાત્માને પ્રાર્થના કરીએ કે સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે

સદ્‌ગતનું બેસણું તા. ૧૨-૦૧-૨૦૨૦ને રવિવારે સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : કૈલાશધામ, પેથાપુર - મહુડી હાઈવે, ગાંધીનગર

દોલતસિંહ સબળસિંહ રાઠોડ / જસવંતસિંહ સબળસિંહ રાઠોડ / વિરેન્દ્રસિંહ સબળસિંહ રાઠોડ — લી. — અર્જુનસિંહ સબળસિંહ રાઠોડ / દિલીપસિંહ સબળસિંહ રાઠોડ / સુરેન્દ્રસિંહ સબળસિંહ રાઠોડ

98251 45941 સમસ્ત રાઠોડ પરિવાર 98252 85941


# ભાજપ બહુમતી જોરે પ્રજાનો અવાજ દબાવી રહી છે: પરેશ ધાનાણી

ગાંધીનગર,તા.૧૦

ગુજરાત વિધાનસભામાં એક દિવસીય સત્રમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો. જેના પગલે સત્રની લંબાવવાની માગ કરાઈ હતી. ત્યારે રાજ્યપાલ અને વિધાનસભા અધ્યક્ષની વાતને નકારતા વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ સત્ર ટૂંકાવવાની માગી કરી હતી. સાથે નોટબંધી અને GSTનો વિરોધ કરતાં કથળાયેલી આર્થિક સ્થિતિમાં સુધારો લાવવાની ઉગ્ર રજૂઆત કરી હતી. સત્રના પહેલા દિવસે જ પક્ષો વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપો થતાં માહોલ ગરમાયો હતો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com